એપ્રિલ અંત સુધી વાતાવરણમાં વારંવાર પલ્ટો જોવા મળશે

મેં સુધી ગરમી પ્રકોપ પણ વધશે : આગામી તા ૨૧ એપ્રિલ બાદ મોસમનો નઝારો વારંવાર બદલાશે : દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા થશે : બે પાપગ્રહના મિલનથી શરૂઆતના ચોમાસામાં વધુ વરસાદ થશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૧૩

આગામી દિવસોમાં હવામાનમાં વારંવાર પલ્ટો જોવા મળશે. તા ૨૧ એપ્રિલ બાદ હવામાનમાં વિશેષ બદલાવ જોવા મળશે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં બરફ વર્ષા થશે. કેટલાક ઠેકાણે બરફના કરા પડશે.ગુજરાતમાં પણ આંધી વંટોળનુ જોર રહેશે. જયારે એપ્રિલ અંતથી મેં મહીનાની તા ૧૭ મી સુધી ગરમીનુ જોર પણ વધુ રહેશે. બે પાપગ્રહોના સંયોગથી ચોમાસાના પ્રારંભે વરસાદ વધુ સારો થશે.તા ૨૫ મેં થી ૮ જુન વચ્ચે વરસાદ થશે.

એપ્રિલ મહીનાથી સમુદ્રમાં હવાના દબાણ ઉભુ થશે. તા ૧૨ અને ૧૩ એપ્રિલથી હવામાનમાં પલ્ટો જોવા મળશે ત્યારબાદ વારંવાર હવામાનમાં પલ્ટો જોવા મળશે તા ૨૧ એપ્રિલ બાદ પણ વાતાવરણમાં સતત બદલાવ જોવા મળશે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં બરફ વર્ષા થશે. કરા પડશે.ઉપરાંત રાજયના ઘણાં ભાગોમાં આંધી વંટોળનુ પ્રમાણ વધશે. આગળના સમયમાં ધીરે ધીરે અલબત્ત એપ્રિલ મહીનાના અંત ભાગમાં હવામાનમાં પલ્ટો જોવા મળશે. જયારે મેં મહીના સુધી આ બદલાવ યથાવત રહેશે. જયારે વારંવાર આંધી આવશે. જયારે પ્રિ મોન્સુનની પ્રક્રીયા પણ વહેલી શરૂ થશે. પવન આંધી વંટોળ અને ગરમીનુ પ્રમાણ વિશેષ જોવા મળશે. એપ્રિલ મહીનાની તા ૨૧ થી ૧૭ મેં વચ્ચે ગરમીની સિઝન વધુ પ્રભાવિત રહેશે. ગરમી વિશિષ્ટ પ્રકારની રહેશે. જયારે ચોમાસુ પણ વહેલુ શરૂ થશે બે પાપ ગ્રહોના મિલનથી ચોમાસાની શરૂઆતમાં વધુ વરસાદ થશે. તા ૨૫ મેં થી તા ૮ જુન વચ્ચે પવન સાથે વરસાદ થશે. જયારે તા ૨૧ અને ૨૨ જુન દરમિયાન પવન અને વંટોળ સાથે વરસાદ થશે. સમુદ્રમાં હવાના હળવા દબાણ ઉભા થવાથી વરસાદ શરૂ થઈ જશે. ઉત્તર અને મધ્યગુજરાતમાં પણ વરસાદ સારો થશે. કચ્છના ભાગો અને દરિયાકાંઠાના ભાગોમાં વાવાઝોડાની સાથે વરસાદ થવાની પ્રક્રીયા શરૂ થઈ જશે. ઉનાળો આકરો પુરવાર થઈ રહ્યો છે. જયારે માર્ચ મહીનાથી જ ગરમીએ માથુ ઉંચક્યુ છે. આકાશમાંથી અંગારા વરસાવતી ગરમીએ સૌને બેબાકળા કરી દીધા છે. ત્યારે આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટા વચ્ચે આંધી અને વંટોળના જોર સાથે ગરમી પ્રકોપ પણ વધશે.

મનોરંજનની મજા - શહેરમાં દિન-પ્રતિદિન ગરમીનો પ્રકોપ વધતો-ઘટતો જાય છે... જેની અસર શહેરના જનજીવન પર વર્તાતી હોય છે... તો બીજી તરફ શ્રમજીવી પરિવારના આ બાળકો ઉનાળાના આકરા તાપમાં ખાટલાના ખોળે, ખુલ્લા આકાશની નીચે અને વૃક્ષના છાંયડે મનોરંજનની મોજ માણી રહ્યા છે... આધુનિક યુગમાં આ શ્રમજીવી પરિવાર આધુનિક ટેકનોલોજીને પણ આત્મસાત કરી દુનિયાના મનોરંજનને મુઠ્ઠીમાં કરવા મથામણ કરી રહ્યો છે...

શહેરમાં કોરોનાનો આજે એક જ કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક કેસ નોંધાયો છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે પણ એકેય કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેર સ્થિત નેશનલ લૉ યુનિ.માં આજે એક જ કેસ મળી આવતાં તંત્રએ રાહત અનુભવી છે. ઓમિક્રોન હોવાના મળેલા તારણ પછી તેનો ચેપરેટ વધુ હોવાથી તંત્ર ચિંતાતુર હતુ.

અત્યાર સુધી આ શૈક્ષણિક સંસ્થામાં ૭૩ કેસ નોંધાયા છે. જોકે કોરોનાના લક્ષણો હળવા હોવાથી પણ તંત્રએ હોમ આઈસોલેશનના વિકલ્પને ગ્રાહ્ય રાખેલ છે.

આજે નોંધાયેલ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારેલ છે. નેશનલ લૉ યુનિ.માં મહિલા દર્દીઓ વધુ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં આજે ૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક તાય તે જોવા માટે તાકીદ કરી છે.

વડાપ્રધાન મોદી આગામી ૧૮મી એપ્રિલે ગુજરાત આવશે

૧૯ એપ્રિલે બનાસ ડેરીના પ્લાન્ટનું લોકાર્પણ કરશે

વડાપ્રધાન મોદી ૧૮ એપ્રિલે સાંજે અમદાવાદ આવશે. તેઓ એરપોર્ટથી સીધા જ ગાંધીનગર જશે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના મહત્વના કમાન્ડ સેન્ટરની મુલાકાત લેશે. ૧૮ એપ્રિલે વડાપ્રધાન મોદી રાજભવનમાં રાત્રી રોકાણ કરશે. ૧૯ એપ્રિલે સવારે બનાસકાંઠાના દિયોદરમાં પીએમ મોદી બનાસ ડેરીના પ્લાન્ટનું લોકાર્પણ કરશે. ત્યારબાદ મહિલા પશુપાલકોના સંમેલનમાં સંબોધન કરશે. ત્યાર બાદ જામનગરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના સહયોગથી બનનાર આયુર્વેદિક કેન્દ્રનું ભૂમિપૂજન કરશે.

વડાપ્રધાન મોદી ૨૦ એપ્રીલે ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં હાજરી આપશે. અહીં આયુષ મંત્રાલયની બે દિવસીય કોન્ફરન્સમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓ દાહોદ જશે. દાહોદમાં તેઓ આદિવાસી સંમેલનને સંબોધિત કરશે. દાહોદથી અમદાવાદ પરત ફરી રાત્રે પીએમ મોદી દિલ્હી પરત ફરશે.તેઓ ત્રણ દિવસ ગુજરાતમાં જ રહેશે. વડાપ્રધાનના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભરચક કાર્યક્રમો ગોઠવવામાં આવ્યાં છે. આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપે પ્રચાર શરૂ કરતાં વડાપ્રધાનની અવરજવર પણ વધી રહી છે.

સરકારી આવાસો સંદર્ભે મુદતને મંજુરી પરંતુ હજુ શરતભંગના કિસ્સા વિશેષ

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં હજુ અનઅધિકૃત કબજેદારોની સંખ્યા વિશેષ

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા વિશેષ છે. ત્યારે લાંબા સમયથી આવાસોની મુદત વધારવા સંદર્ભે કોઈ નિર્ણય ન લેવાતા રહીશો પણ મુંઝવણમાં મુકાયા હતા. અગાઉ વર્ષ ૨૦૨૦ સુધી મુદત લંબાવામાં આવી હતી. જયારે હવે ભાડાની નિયમિત ચુકવણી તેમજ જે હેતુથી આવાસની ફાળવણી નિયત હેતુ મુજબ જ થવો જોઈએ જેવી વિવિધ શરતોને આધીન મુદત લંબાવામાં આવી છે. જેમાં શરતભંગ થઈ હોય તેવા કિસ્સામાં મંજુરી આપવામાં આવી ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો સંદર્ભે સરકારે વર્ષ ૨૦૨૦ સુધી મુદત વધારી હતી બોર્ડ નિગમ અને કેન્દ્રીય વાણિજય , ખાનગી સંસ્થાઓને ફાળવવામાં આવેલા આવાસો ની મુદત વધારવામાં આવી હતી. જયારે આ અગાઉ આવાસોની મુદત વધારવા સંદર્ભે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી કોઈ નિર્ણય લેવાયો ન હતો. જેના લીધે આવાસોમાં વસવાટ કરતા રહીશો પણ મુંઝવણમાં મુકાયા હતા. જયારે હવે સરકારે આવાસોની મુદત મંજુર કરી છે. જેના લીધે રહીશોમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. જો કે આ અન્વયે શરતભંગના કિસ્સામાં કોઈ લાભ મળશે નહી. માર્ગ મકાન વિભાગે કરેલા આદેશમાં જણાંવ્યા મુજબ મકાન ફાળવવામાં આવ્યા બાદ સંસ્થાએ નિયમિત ભાડુ ચુકવવાનુ રહેશે. જયારે ભાડા સંદર્ભે ઈવિકશન કોર્ટમાં કેસ પણ દાખલ ન થયો હોવો જોઈએ. જયારે જે તે સંસ્થાને મકાન ફાળવવામાં આવ્યુ હોય તેવા કિસ્સામાં નિયત હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે. રાજય અને કેન્દ્ર સરકારના કર્મચારીઓ , બોર્ડ નિગમ, જાહેર સાહસો, બી એસ એફ સી આર પી એફ, એરફોર્સ , કોસ્ટગાર્ડ , બેંક વીમા કંપની ખાનગી સ્વૈચ્છિક સંસ્થાઓ , સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓને રહેણાંકના હેતુ માટે મકાન ફાળવવામાં આવે છે. જે તે સંસ્થા આ મકાનો કર્મચારીઓને વસવાટ માટે પણ આપી શકે છે. જયારે આવાસ મેળવનાર સંસ્થા, કચેરીના વડાને જ આવાસનો ઉપયોગ નિયત હેતુ માટે થાય તે માટે તેમજ નિયમિત ભાડુ ચુકવવા માટે જવાબદાર ગણવામાં આવે છે. આ મામલે શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવોસનો મામલે શરતભંગ ન થાય તે માટે તેમણે જ ખાતરી કરીને રીપોર્ટ કરવાનો રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

વિકાસના ડોક્યુમેશન માટે સાંસદ ટીવીની એક ટીમ જિલ્લાના પાંચ ગામની મુલાકાત લેશે

અડાલજ, મોતીપુરા(વેડા) વીરાતલાવડી, મોખાસણ અને ઈસનપુર મોટાની મુલાકાત લઈ વિકાસના કામોને નિહાળી રેકોર્ડિંગ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ વિકાસના કામોના ડોક્યુમેશન કામગીરી અંગે તેમજ ગ્રામજનોના પ્રતિભાવ મેળવવા માટે સાંસદ ટી.વી.ની એક ટીમ આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ ટીમ ગાંધીનગર તાલુકાના ત્રણ, માણસા અને કલોલના એક-એક ગામની મુલાકાત લેનાર છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામથી આ ટીમનો પ્રવાસ શરૂ થશે. અડાલજ ગામ એ જિલ્લાનું વિકાસનું શ્રેષ્ઠ મોડેલ બની ઉભરી આવ્યુ છે. અડાલજ ગ્રામ પંચાયતનું પોતાનું પોર્ટલ છે. ત્યાં ઓનલાઈન ટેક્ષ કલેકશનની વ્યવસ્થા છે તેમજ ડીજીટલ પેમેન્ટની દિશામાં પણ સારી કાર્યવાહી કરી રહેલુ છે. આ ઉપરાંત પ્રવાસન સ્થળ તરીકે પણ પ્રસિદ્ધિ ધરાવતા ગામમાં ૧૦૦ ટકા વેક્સીનેશનની કામગીરી પૂર્ણ થયેલ છે. પંચાયતની વેરા વસુલાતની કામગીરી પણ નોંધનીય છે.

આ ઉપરાંત આ ટીમ માણસા તાલુકાના મોતીપુરા-વેડા ગામની મુલાકાત લેનાર છે. આ ગામે તીર્થગ્રામ, સ્વચ્છ ગ્રામ તેમજ બેસ્ટ ગ્રામસભાનો એવોર્ડ જીત્યો છે. અહિ પંચાયતની ચૂંટણી પણ સમરસ થઈ છે. આ ગામ ગાર્બેજ ફ્રી વિલેજ તરીકે પણ જાણીતુ છે. આ ગામમાં વેરા કલેકશનની કામગીરી સારી હોવા ઉપરાંત ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન સીસીટીવી સર્વેલન્સની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

આ ટીમ વીરા તલાવડી અને ઈસનપુર મોટા તેમજ કલોલ તાલુકાના મોખાસણ ગામની પણ મુલાકાત લેનાર છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાકક્ષાએ પણ આ ટીમ જિલ્લા પંચાયતના પદાધિકારીઓને પણ મળનાર છે. જિલ્લામાં આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

દહેગામના પૂર્વ ધારાસભ્યને મનાવી લેવામાં કોંગ્રેસની નેતાગીરી સફળ રહી

ગાંધીનગર, તા. ૧૩

દહેગામના પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડને મનાવવા અને ડેમેજ કંટ્રોલની કામગીરીમાં જિલ્લા તેમજ પ્રદેશ નેતાઓને સફળતા મળતાં કોંગ્રેસના કાર્યકરોએ હાંશકારો અનુભવ્યો છે.

ગઈકાલે મોડી સાંજ સુધી આ ડેમેજ કંટ્રોલની કામગીરી ચાલી હતી અને કામિનીબાને સમજાવી લેવામાં સફળતા મળી છે. જિલ્લા કોંગ્રેસના એક મોભીને આ અંગે પુછતાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે ઘી ના ઠામમાં ઘી પડી ગયુ છે.

આ નેતાએ વાતચીત દરમ્યાન કહ્યુ હતુ કે ક્યાંક વિચારભેદ થયો હશે પણ મનભેદ થયા નથી. અમારા પક્ષમાં સંપૂર્ણ આંતરિક લોકશાહી છે અને નાનામાં

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં રિવરફ્રન્ટ તૈયાર કરાશે

અમદાવાદની જેમ ૯.૩ કિલોમીટર લાંબો રિવરફ્રન્ટ તૈયાર કરવામાં આવશે : નવ વર્ષ પછી ગિફ્ટ સિટી પાસે સાબરમતી નદીના કિનારે રિવરફ્રન્ટને વિકસિત કરવાની યોજનાએ હવે જોર પકડ્યું

ગાંધીનગર, તા.૧૩

જો બધું સમુસુથરું પાર પડ્યું તો આગામી સમયમાં ગાંધીનગરની પ્રજાને રિવરફ્રન્ટની મજા લેવા માટે છેક અમદાવાદ સુધી ધક્કો ખાવાની જરુર નહીં પડે. લગભગ નવ વર્ષ પછી ગિફ્ટ સિટી પાસે સાબરમતી નદીના કિનારે રિવરફ્રન્ટને વિકસિત કરવાની યોજનાએ હવે જોર પકડ્યું છે. નર્મદા વોટર રિસોર્સ, વોટર સપ્લાય અને કલ્પર ડિપાર્ટમેન્ટ દ્વારા અમદાવાદની જેમ રિવરફ્રન્ટ બનાવવા માટે પીડીપીયુ પુલ અને શાહપુર પુલની વચ્ચે ૯.૩ કિલોમીટર લાંબા રિવરફ્રન્ટ માટે બીડ મંગાવ્યા છે. આ પ્રકલ્પનો પ્રથમ તબક્કાનો ખર્ચ રૂપિયા ૩૫૩.૫૮ કરોડની છે.

વિભાગના સિનિયર અધિકારીઓ દ્વારા આ અંગે વાત કરતા જણાવ્યું છે કે, આ પ્રોજેક્ટ અંતર્ગત રિવરફ્રન્ટના કેટલાક ફીચર્સને અહીં ઉપયોગમાં લેવામાં આવશે, જેમાં નદીની પાસે ચાલવા માટેથી લઈને ઊંચી દીવાલ ઉભી કરવામાં આવશે. આ અંગે સિનિયર અધિકારીએ જણાવ્યું કે, "રિવરફ્રન્ટ પર બન્ને બાજુએ ચાર ઘાટ બનાવાશે અને પાંચ પોઈન્ટ બન્ને બાજુએ હશે કે જ્યાંથી ગિફ્ટ રિવરફ્રન્ટને જોડી શકાય. અહીં લોકો ધોલેરા મંદિર, રાયણસણ ગામ અને રાંદેસરણ ગામથી રિવરફ્રન્ટ સાથે જોડાઈ શકશે. આ સિવાય જેઓ ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ અર્ન્ટે ગાંધીનગર પાસે હશે તેઓ પણ સીધા રિવરફ્રન્ટ સાથે જોડાઈ શકશે." જયારે ગાંધીનગરમાં વિકસિત થનારા રિવરફ્રન્ટ પર પબ્લિક સ્પેસ અને કમર્શિયલ સ્પેસ અંગે પૂછવામાં આવ્યું તો અધિકારીએ જણાવ્યું કે, "એક ખાસ ગવર્નિંગ કાઉન્સિલની જવાબદારી રહેશે કે અહીં રિવરફ્રન્ટના વિકાસમાં કઈ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. અધિકારીના જણાવ્યા પ્રમાણે, આ બીડ આગામી બે અઠવાડિયામાં ખુલશે.

અધિકારીએ વધુમાં જણાવ્યું કે, "અમદાવાદમાં બનેલી ૧૧.૨ કિલોમીટર લાંબો રિવરફ્રન્ટ ઈન્દીરા બ્રિજ પાસે પૂર્ણ થઈ જાય છે, અહીંથી સામાન્ય અંતરે હાંસોલ આવેલું છે કે જ્યાં ૧૫ દિવસ માટે અમદાવાદ શહેર માટે પાણીની વ્યવસ્થા થઈ શકે તેવી વિશાળ જળાશય ઉભું કરવા અંગે વિશે વિચારણા કરવામાં આવી રહી છે. સિંચાઈ વિભાગ પાણીના જળાશયની ડિઝાઈનને અંતિમ રૂપ આપી રહ્યું છે.

આમ આ કામગીરી પછી ૯.૩ કિલોમીટરના ગિફ્ટ કોરિડોર પર કામ શરુ કરાશે. ભવિષ્યમાં ગાંધીનગર અને અમદાવાના રિવરફ્રન્ટને જોડી દેવાશે જેથી રાહદારીઓ ૨૩ કિલોમીટર લાંબા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી શકશે."

આ સાથે અધિકારી દ્વારા એ પણ વિગતો જણાવવામાં આવી કે, ગિફ્ટ સિટી રિવરફ્રન્ટ પર બનનારા ઘાટ માટે કોંક્રેટનો ઉપયોગ ટાળવા માટે કુદરતી ટોપોગ્રાફીનો ઉપયોગ કરાશે.

જિલ્લામાં આગામી ૧૯થી ૨૨ એપ્રિલ આરોગ્ય મેળા યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ આરોગ્ય યોજનાઓની જાણકારી ગાંધીનગર જિલ્લાના નાગરિકોને થાય અને નાગરિકો પોતાના આરોગ્ય માટે વધુ જાગૃત બને એ હેતુથી, જિલ્લા કલેકટરશ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને આજે મળેલી બેઠકમાં આગામી તા.૧૯થી ૨૨ એપ્રિલ,૨૦૨૨ દરમિયાન દરેક તાલુકામાં, તાલુકા આરોગ્ય મેળા યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તાલુકા આરોગ્ય મેળાની વિગતો આપતા જિલ્લા કલેકટરશ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, તા.૧૯ એપ્રિલ,૨૦૨૨ના રોજ કલોલના સી.એચ.સી.,તા.૨૦ એપ્રિલે માણસાના એસ.ડી.એચ. ખાતે, તા.૨૧ એપ્રિલે ગાંધીનગરમાં અડાલજના સી.એચ.સી. ખાતે અને તા.૨૨ એપ્રિલે દહેગામ તાલુકાના રખિયાલના સી.એચ.સી. ખાતે યોજાશે.

આ તાલુકા આરોગ્ય મેળામાં ટી.બી., હાયપરટેંશન, ઓરલ કેન્સર, મેલેરિયાનું નિદાન અને સારવાર કરાશે એટલું જ નહીં, યોગા અને મેડિટેશન માટે ટેલી કન્સલ્ટન્ટીથી સારવાર પૂરી પાડવામાં આવશે.

આ તાલુકા આરોગ્ય મેળામાં ફિઝિશિયન, ગાયનેક, આંખના અને દાંતના તજજ્ઞ ડૉકટરો વિનામૂલ્યે નાગરિકો અને દર્દીઓનું નિદાન અને સારવાર કરશે. એટલું જ નહીં

તાલુકા આરોગ્ય મેળાનો બહોળી સંખ્યામાં લાભ લેવા કલેકટરશ્રીની નાગરિકોને અપીલ

આયુષ્યમાન કાર્ડ, ડિજિટલ હેલ્થ આઈ.ડી., બ્લોક થયેલા વાત્સલ્ય અને મા કાર્ડ એક્ટિવેટ કરવાની કામગીરી પણ ઓન ધ સ્પોટ કરવામાં આવશે.

આ તાલુકા આરોગ્ય મેળાનો બહોળી સંખ્યામાં લાભ લેવા જિલ્લા કલેકટરશ્રી ડૉ. કુલદીપ આર્યએ ગ્રામ્યજનો અને નાગરિકોને અપીલ કરી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

આંબેડકરની તસ્વીરને પુષ્પાંજલિ કરી કર્મચારીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા આજે જિલ્લા પંચાયત ગાંધીનગર ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરી સૂત્રોચ્ચારનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

સવારે નવ વાગ્યે કર્મચારી મોરચાના આગેવાનો અને કર્મચારીઓ જિલ્લા પંચાયત પાસે એકત્ર થશે. ત્યારબાદ ડૉ. આંબેડકરની તસ્વીરને પુષ્પાંજલિ કરશે. આ પછી જૂની પેન્શન યોજના ચાલુ કરવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી તેમની માંગણીઓ દોહરાવવામાં આવશે.

કર્મચારી મોરચાના આગેવાનોના જણાવ્યા પ્રમાણે તેમની માંગણીઓ અંગે સરકારને ૩૧મી માર્ચના રોજ આવેદન પત્ર આપી રજુઆતો કરવામાં આવી

જૂની પેન્શન યોજના ચાલુ કરવાની માંગ સાથે તેમની માંગણીઓ દોહરાવશે

છે. જુની પેન્શન યોજના ચાલુ કરવા અંગે પણ વિવિધ કર્મચારી સંગઠ્ઠનો અગાઉ રજુઆતો કરી ચુક્યા છે પણ સરકારે કોઈ જ હકારાત્મક પ્રતિસાદ આપવાની તસ્દી પણ લીધી નથી આથી હવે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની ફરજ પડી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com